## હા... સાહેબ !

"મજા પડી ગઈ સાહેબ..!"

"શાની મજા પડી..? તમને રોજ રોજ નવા નવા મુડ આવે છે."

"સાહેબ વરસાદમાં ધોવાયેલા રસ્તા કેવા ચકાચક થઈ ગયા ? અને પેલી ફૂટપાથો તો જુઓ કેવી ચોખ્ખીચણાક... કેમ આટલુ ઝડપી..?"

"તમેય... મારી પાસે બોલાવવા માંગો છો એમને ? પ્રધાનમંત્રી મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્જો એબે ગાંધીનગર અને અમદાવાદની મુલાકાતે આવે છે એ તો ખબર છે ને તમને..?"

"ઓ... હો... તો તો ડબલ ધમાકા. પહેલા તો એક પીએમ આવતા હતા અને બધુ ચકચકીત થઈ જતુ હતજ. હવે બબ્બે દેશોના વડાપ્રધાન આવે પછી તો દે ધીના ધીન જ હોય ને..."

"ખરાં છો તમેય... આટલા મોટા માનવંતા મહેમાન આવવાના હોય અને આપણે ઘર સાફ કરીએ કે ન કરીએ ? રસ્તા ચોખ્ખા કરીએ કે ના કરીએ..?"

"સાહેબ હું એ જ કહુ છુ. ભલુ થજો પીએમ અને ભલુ થજો જાપાનના પીએમનું. જેના કારણે અમદાવાદના રસ્તા તો સુધરી ગયા, લાઈટો બધી થઈ ગઈ એટલુ જ નહી, રોશની થઈ ગઈ. અને હજી તો ધમધમાટ તો જુઓ."

"વળી પાછુ શુ..?"

"સાહેબ દેશના વિવિધ પ્રદેશોમાંથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ લોકનૃત્યોના કલાકારો પોતપોતાના પ્રાંતની કલા અભિવ્યક્ત કરશે અને તે પણ એરપોર્ટથી ગાંધીઆશ્રમ અને ઈન્દિરા બ્રીજથી મહાત્મા મંદિર સુધીના માર્ગે..."

"ઓ... હો...હો... કમાલ છે હો... આઈડીયા સુપર છે. પણ કોના બાપની દિવાળી..? આપણા જ પૈસે જ આ બધી ધમાધમ ને..?"

"એટલે આપણા દેશમાં તો આપણાં જ પૈસા હોયને... ઓછા આફ્રિકા કે અમેરિકાના હોય. અને ભઈ તને તો ખબર જ હશે ને કે દુનિયા ઝુકતી હે ઝુકાનેવાલા ચાહિયે."

"હા તો તમે અત્યારે જે કહેશો તે, તમે કરો તે લીલા..."

"આ તમારી નિરાશા છે ભઈ નિરાશા. દેશને દોડતો રાખવો અને દેશને જાગતો રાખવો. સમાજને વ્યસ્ત રાખવો અને મસ્ત રાખવો એ રાજકીય વ્યૂહરચનાનો એક ભાગ છે. તમને સમજ ના પડે તો હું પાડુ છુ. અને આ બખાળા કરવાનુ બંધ કરો. ભુતકાળમાં તમે કેવા કેવા ખર્ચા કર્યા છે અમે નથી જાણતા..

સાહેબ, ખોટાં ખર્ચાની સ્પર્ધા ના હોય. બધુ માપમાં જ શોભે. આપણે પ્રજા તરીકે સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ કે પેટે પાટા બાંધી ટેક્સ ભરીએ છીએ એ ટેક્સનો થતો બેફામ ઉપયોગ વિશ્વાસઘાત છે. પક્ષો કોઈ પણ હોય, મતદારો સર્વોપરી છે એ ભુલવુ ન જોઈએ. શાસકો પ્રજાના નાણાંના ટ્રસ્ટીઓ છે."

"હા સાહેબ હા... અને આટલુ માનવામાં બધાં સંમત થાય તો દેશમાં સોનાનો સૂરજ વહેલો ઉગે. વિવાદને બદલે સંવાદ જ સંવાદ રહે અને ભારતની ભવ્યતા નીખરી ઉઠે. જય હિન્દ."

**- નિમિત્ત માત્ર**

# આરોગ્ય સેવાઓ માટે એસ્મા લાગુ કરતી સરકાર

## ઈન સર્વિસ ડોક્ટર્સ દ્વારા માસ સી.એલ.નું એલાન અપાયા બાદ સરકાર હરકતમાં આવી

ગાંધીનગર, તા. ૧૦

ઈન સર્વિસ ડૉક્ટર્સ એસો. દ્વારા આજથી ત્રિદિવસીય માસ સી.એલ.નો કાર્યક્રમ યથાવત હોવાની ઘોષણા કરાઈ છે જ્યારે સરકારે આ સામે 'એસ્મા'નું શસ્ત્ર ઉગામ્યુ છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સરકારી તબીબી અધિકારીઓ માટે એસેન્ટેન્સીયલ સર્વિસ એક્ટ લાગુ કરવામાં આવ્યો હોવાની જાહેરાત આજે કરી છે.

રાજ્ય સરકારના તબીબી અધિકારીઓએ ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમ્યાન તેમના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સરકાર દ્વારા કોઈ જ રચનાત્મક અભિગમ દાખવી તૈયારી ન દાખવતાં માસ સી.એલ. પર જવાનો નિર્ણય કર્યો હતો. આ સંદર્ભે તમામ તબીબોએ તેમના રજાના રિપોર્ટ જે તે સક્ષમ અધિકારીઓને સુપ્રત કરતાં સરકાર હરકતમાં આવી હતી અને રવિવારે એસ્મા લાગુ કરવાની જાહેરાત કરી છે.

સરકારના આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયુ છે કે માસ સી.એલ. પર નહિ જવા અનુરોધ કરાયો છે. માસ સી.એલ. પર જનારા તબીબો સામે ગુજરાત રાજ્ય આવશ્યક સેવા જાળવણી અધિનિયમ ૧૯૭૨ના ભંગ બદલ જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સરકાર દ્વારા આ જાહેરાત પછી ઈન સર્વિસ ડૉક્ટર્સની કારોબારી સમિતિની એક બેઠક વડોદરા ખાતે મળી હતી અને તેમાં માસ સી.એલ.નો કાર્યક્રમ યથાવત્ હોવાની વાત જાહેર કરાઈ હતી.

# ભાદરવાના તાપમાં શેકાતા નગરજનો

ગાંધીનગર, તા. ૧૦

શહેરમાં ૪૫ ઈંચના વરસાદ બાદ પણ અસહ્ય બફારો અનુભવાય છે. છેલ્લા ત્રણ દિવસથી ભાદરવાના ઓતરા-ચીતરાના તાપમાં નગરજનો શેકાઈ રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીએ પહોંચ્યુ હતુ. ૧૩૭ ટકા વરસાદ બાદ પણ વાતાવરણમાં ઠંડક ન પ્રસરતા વરસાદના વધુ એક રાઉન્ડની આગાહીઓ થાય છે.

છેલ્લા ત્રણ દિવસથી ઉષ્ણતામાનનો પારો ક્રમિક વધતા આજે ૩૫ ડિગ્રી પર પહોંચ્યો હતો. એસી અને કુલરનો વપરાશ છેલ્લા ચાર દિવસથી બમણો થવાનુ કહેવાય છે. ઉનાળાની ગરમી કરાતાં પણ વિચિત્ર પ્રકારની ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઉકળાટભર્યા વાતાવરણની વચ્ચે વાદળો છવાતા ભારે ભારે વાતાવરણ અનુભવાય છે. વાદળો અને ગરમીના મિશ્ર

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના ઉમેદવારોની પસંદગી માટે નિરીક્ષકો ૨૧ થી ૩૦ સપ્ટે. જિલ્લાઓમાં જશે

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પક્ષ દ્વારા વિધાનસભાના ઉમેદવારોની પસંદગી માટેની પ્રક્રિયા ૨૧ સપ્ટેમ્બર પછી હાથ ધરવામાં આવશે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૧ થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન પ્રદેશ કક્ષાએથી ઉમેદવારોની રજુઆતો સાંભળવા માટે નિરીક્ષકો જિલ્લાઓમાં જશે.

ઓક્ટોબર માસમાં ઉમેદવારોની પેનલો તૈયાર કરી અને આખરી પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

રાજયમાં વિધાનસભાની ચૂંટણી માટે મુકાયેલ ઈન્ચાર્જ અને કેન્દ્રના નાણાંમંત્રી અરૂણ જેટલી આજે ગુજરાત આવી રહ્યા છે. તેમની હાજરીમાં નિરીક્ષકોના નામ આખરી કરી જાહેર કરવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અરૂણ જેટલી દ્વારા સોશ્યલ મિડિયા અંગેના વર્કશોપને ખુલ્લો મુકવામાં આવશે. તેમની સાથે રાષ્ટ્રીય પ્રવકતાઓની ટીમ પણ ગુજરાત આવી રહી છે.







રાસ-ગરબા સ્પર્ધા - નવરાત્રીના આગમનના એંધાણ રાસ-ગરબા સ્પર્ધાથી વર્તાય છે... રાજ્યના સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાતી રાસ-ગરબાની જિલ્લા કક્ષાની સ્પર્ધા ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાઈ હતી... જેમાં ગાંધીનગર ગાંધીનગરના કલાકારો પોતાની શ્રેષ્ઠત્તમ અભિવ્યક્તિ પ્રસ્તુત કરે છે... ગાંધીનગરનું જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રની ટીમે પ્રાચીન અને અર્વાચીન ગરબાની બંને કેટેગરીમાં પ્રથમ સ્થાન મેળવી સતત ત્રીજા વર્ષે ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે... જ્યારે રાસ સ્પર્ધામાં ગાંધીનગરની જાણીતી રાગા કલાવૃંદના યુવાનોએ જુસ્સાદાર રાસ રજૂ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.... શહેરના કલાકારોની રાજ્ય અને રાષ્ટ્રમાં અભિવ્યક્તિથી ગાંધીનગરની ઓળખ બદલાઈ રહી છે... સરકારી નગરમાંથી સાંસ્કૃતિક નગરી બની રહેલ ગાંધીનગર કલાકારોથી ગૌરવવંતુ સ્થાન મેળવે છે...

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના બે કેસ

## ગાંધીનગરના કરાઈ ગામેથી તથા દહેગામ તા.ના અમરભારતી ગામેથી મહિલા દર્દી મળ્યા : કુલ આંક ૧૪૨

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી પણ સ્વાઈન ફલુ પોઝીટીવના બે દર્દી મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા વધીને ૧૪૨ પર પહોંચી છે.


૨૦૧૫માં જિલ્લામાં આવો સ્વાઈન ફલુનો કહેર જોવા મળ્યો હતો. એ વર્ષે ૧૭૦ થી વધુ કેસ નોંધાયા હતા. આ વર્ષે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪૨ કેસ નોંધાઈ ચુક્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા બે કેસમાં એક મહિલા દર્દી છે અને એક પુરૂષ દર્દી છે. એક કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે જ્યારે બીજો એક કેસ દહેગામ તાલુકામાંથી મળી આવેલ છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં ૫૫ કેસ

● અનુસંધાન પાન-૭ પર

## વિસનગરા નાગર બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ. અંબિકાપ્રસાદ પ્રાણલાલ રાવલ (માણસા)** તા. ૯/૯/૨૦૧૭ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧/૯/૨૦૧૭ને સોમવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી ઉમા સમાજ ભવન, ઉમિયા માતાજીના મંદિર પાછળ, જીલ્લા ન્યાય અદાલતની સામે, ઘ-રોડ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

**લિ.**

**ગં.સ્વ. કુસુમબેન અંબિકાપ્રસાદ રાવલ**

**ધર્મેન્દ્ર એ. રાવલ,** એડવોકેટ — **જયેશ એ. રાવલ**, સેક્શન અધિકારી, નાણા વિભાગ

**કિશા ધર્મેન્દ્ર રાવલ** — **હેતલ જયેશ રાવલ**

**યોગીની મનોજકુમાર રાવલ** — **રક્ષા વાલ્મીક પંડિત**

**કલ્પના પંકજકુમાર શાસ્ત્રી** — **ક્રિષ્ના દેવાંગ ભટ્ટ**

**કિશન, મોરલી, લિપિ, ધ્રુવ**

રહેઠાણ : 'અંબિકાકૃપા', પ્લોટ નં. ૧૦૦૭/૧, સેક્ટર-૨/ડી, ગાંધીનગર

નોંધ : પિયર પક્ષનું બેસણું પણ આ જ સ્થળે રાખવામાં આવેલ છે.

**સ્વ. રસિકલાલ શંકરલાલ રાવલ** — **સ્વ. નવીનચંદ્ર શંકરલાલ રાવલ**

**નિરંજનાબેન રસિકલાલ રાવલ** — **વિરબાળાબેન નવીનચંદ્ર રાવલ**

# સેકટર-૧ અને ૮માંથી સ્વાઈન ફલુના દર્દી મળ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ પોઝીટવના વધુ બે દર્દી નવા સેકટરોમાંથી મળી આવ્યા છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના દર્દીની સંખ્યા વધીને ૪૬ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે-૧-સીમાંથી એક કેસ મળી આવેલ છે જે હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ ઉપરાંત સે-૮માંથી ૨૩ વર્ષીય યુવાનને સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું આજ પરીક્ષણ દરમિયાન જણાતાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે બંને દર્દીની સ્થિતિ સ્થિર છે. તંત્ર એ મળી આવેલા બંને દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ શરુ કર્યું છે. જો કે કોઈ અન્ય શંકાસ્પદ દર્દી ન મળ્યું હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં હાલ ૬ દર્દી સારવાર હેઠળ છે અને તમામ દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. નોંધાયેલ ૪૬ દર્દી પૈકી ૩૫ દર્દી સંપૂર્ણ રોગમુકત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. શહેરમાં સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં ૫ દર્દીના મોત થયા છે.

# શહેર-જિલ્લામાં નર્મદાયાત્રાને નબળો પ્રતિસાદ મળતાં નેતાઓ ચિંતાતુર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં નર્મદા મહોત્સવની ઉજવણીને મળી રહેલા નબળા પ્રતિસાદ પછી ભાજપના નેતાઓની ચિંતામાં વધારો થયો છે.




મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં સહકારી સંસ્થાઓ દ્વારા ૧૫ થી ૨૦ જેટલા ગ્રામ્ય વિસ્તારના કાર્યકરોને દબાણ કરી હાજર રહેવા જણાવાઈ રહ્યુ છે. આ ઉપરાંત તંત્ર દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારના આગેવાનોને હાજર રહેવા દબાણ કરવામાં આવી રહ્યું છે.

શહેરના વિવિધ સેક્ટરોમાં પણ નર્મદાના રથને નબળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આજે યાત્રામાં ધારાસભ્ય અશોક પટેલ, શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ (દાસ) પણ જોડાયા હતા. શહેરમાં યાત્રાના ભ્રમણ દરમ્યાન એક-બે ગાડી ભાજપના નેતાઓની તો એક બે ગાડી મનપાની આ યાત્રામાં જોવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં તો આજે એક ગામ ખાતે અધિકારીઓ સમક્ષ સરપંચો દ્વારા રજુઆત કરાઈ હતી કે ગ્રામ્ય વિસ્તારમાં પેયજળ માટે અને સિંચાઈ માટે પાણી તો આપો.

નર્મદા કેનાલ પંથકમાંથી પસાર થાય છે પણ પેયજળ તરીકે તે વાપરતા નથી અપાતુ. કેટલાક ગામોમાં તો ગ્રામ્ય વિસ્તારમાં જે વાતાવરણ છે તે બગડે નહિ એવુ જણાવી રથને નહિ લાવવા પણ રજુઆતો કરાઈ હોવાની વાતો લોકમુખે સંભળાઈ રહી છે.

આ યાત્રામાં સરદાર પટેલ, સ્વ. ચીમનભાઈ પટેલ, સ્વ. અમરસિંહ ચૌધરી, કેશુભાઈ પટેલ જેવા નેતાઓના ફોટા નહિ હોવાથી પણ લોકોમાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.

## જાહેર નિવિદા નં.૧

રાધે રેસીડેન્સી કો.ઓપ. હાઉસિંગ સર્વિસ સોસાયટી લી., કુડાસણ, ગાંધીનગર તરફથી નીચે મુજબના કામો માટે લાગતી વળગતી એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

(૧) સોસાયટીની લીફટ માટેની વાર્ષિક કામગીરી માટેનું ભાવપત્રક (સર્વિસ કરવા અંગે)
(૨) સોસાયટીમાં વધારેમાં વધારે એરીયા કવર થાય તે રીતે CCTV કેમેરા ગોઠવવા અને જાળવણી કરવા બાબત.
(૩) સોસાયટીમાં સીડી, કોમન એરિયા, અગાસીની સાફ સફાઈ કરવા બાબત.
(૪) સોસાયટીમાં ૨૪ કલાક માટે સિક્યોરીટી સ્ટાફ પૂરો પાડવા બાબત.
(૫) સોસાયટીમાં કોમન (ગાર્ડનમાં) જગ્યામાં સફાઈ રાખવી, મેનટેનન્સ કરવા બાબત.

ઉપર મુજબના કામો માટે લાગતી વળગતી એજન્સીઓએ પાસેથી તા. ૧૭-૯-૨૦૧૭ સાંજે ૧૬.૦૦ કલાક સુધીમાં બંધ કવર હાથોહાથ નીચે જણાવેલ સરનામે પહોંચાડવાના રહેશે.

મળેલા ટેન્ડર (ભાવપત્રકો) તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ સાંજે ૧૭.૦૦ કલાકે સોસાયટીની કમિટીના સભ્યોની રૂબરૂમાં ખોલવામાં આવશે.

ટેન્ડરની કોપી તા. ૧૩, ૧૪, ૧૫ સપ્ટેમ્બર સુધીમાં રૂ. ૧૦૦ રોકડા આપીને બપોરે ૧૨ થી ૪ કલાક દરમિયાન શ્રી અનિલ વર્મા, બ્લોક નં. B-502, મો.નં. ૯૪૨૯૫ ૩૧૧૯૫ પાસેથી મેળવી લેવાના રહેશે.

**લી.**
**પ્રમુખ/મંત્રી**
**રાધે રેસીડન્સી કો.ઓપ. હાઉ. સર્વિસ સોસાયટી લી.**
**મુ.પો. કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧**


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com